**દિવ્યાંગ વ્યક્તિઓ માટે ડ્રાઈવીંગ લાયસન્સ, રજીસ્ટ્રેશન અને મોટર વાહન વેરા સંબંધી જોગવાઈઓ.**

ક્રમાંક :એમવીપી/૨૮૭૨૦૧૫/૨૩/ ૯૯૮૧

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,

ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજ્ય,

તારીખ. -૮-૨૦૧૬.

- 9 AUG 2016

-: પ રિ પ ત્ર :-

**આ મુ ખ.**

દિવ્યાંગ વ્યક્તિઓ માટે ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા, વાહનનું રજીસ્ટ્રેશન કરાવવા તથા મોટર વાહન વેરા સંબંધી કામગીરીઓ કરવા માટે સરળતા થાય તથા તેઓને આ કામગીરી કરવામાં કોઈ અડચણ ન ઉપસ્થિત થાય તથા વહીવટી સરળતા થાય તે માટે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના સ્તરેથી એક વર્કીંગ ગ્રુપની રચના કરવામાં આવેલ. આ વર્કીંગ ગ્રુપે દિવ્યાંગ વ્યક્તિ સંબંધીત પ્રશ્નો ની ચર્ચા વિચારણા કરી કરેલ ભલામણ પરત્વે કાળજી પુર્વકની વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણેની સુચનાઓ આપવામાં આવે છે.

## ૧. ડ્રાઈવીંગ લાયસન્સ:-

૧.૧. સામાન્ય વ્યક્તિની જેમજ દિવ્યાંગ વ્યક્તિશ્રીઓને ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા માટે સમાન કાયદાકીય જોગવાઈઓ લાગુ પડે છે. કોઈ વ્યક્તિ વિકલાંગ હોવા માત્રથી તેમને ડ્રાઈવીંગ લાયસન્સની પ્રકીયા માટે ગેરલાયક ઠરાવી શકાય નહીં કે, પુર્વગ્રહ રાખી શકાય નહીં.

૧.૨. શિખાઉ લાયસન્સ આપતી વખતે દિવ્યાંગ વ્યક્તિશ્રીઓ પાસે તેઓની માલીકીનું વાહન હોવુ જરુરી નથી.

૧.૩. દિવ્યાંગ વ્યક્તિ તેમને અનુકુળ હોય તેવા તેમની માલીકીના અથવા ડ્રાઈવીંગ સ્કુલના અથવા અન્ય કોઈ સરખી વિકલાંગતા ધરાવતા વ્યક્તિના વાહન સાથે પાકા લાયસન્સનો ટેસ્ટ આપી શકે છે.

૧.૪. દિવ્યાંગ વ્યક્તિ ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર ઓટોમેટીક ટ્રાન્સમીશન વાળા વાહન મારફતે ટેસ્ટ આપી શકશે. આ સિવાય ઓટો ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર ઓટોમેટીક ટ્રાન્સમીશન ગાડી વાળા વાહન પર ડ્રાઈવીંગ ટેસ્ટ આપવો પ્રતિબંધિત છે.

૧.૫. દિવ્યાંગ વ્યક્તિનાં પાકા ડ્રાઈવીંગ લાયસન્સમાં વાહન નંબર લખવાની પ્રથા આથી દુર કરવામાં આવે છે. તેની જગ્યાએ " Authorised to Drive Suitable Vehicle only " લખવાનું રહેશે. અર્થાત આવી વ્યક્તિ પોતાની વિકલાંગતાને અનુકુળ થાય તે પ્રકારનું વાહન જ ચલાવી શકવા સક્ષમ છે. વધુમાં આવી વ્યક્તિ બીજી કોઈ સરખી વિકલાંગતા ધરાવતી વ્યક્તિનું વાહન પણ (જો વિકલાંગતાને અનુકુળ હોય તો) ચલાવી શકશે. ઉપરાંત જો આવી વ્યક્તિ વાહનમાં કોઈપણ ફેરફાર કર્યા વગરનું ઓટોમેટીક ટ્રાન્સમીશન વાળુ વાહન ચલાવવા સક્ષમ હોય તો તેવું વાહન પણ ચલાવી શકશે.

૧.૬. ભારત સરકારનાં તા.૫-૫-૨૦૧૧ નાં પેરા-૪ મુજબ " where by a driver does need to use his clutch (in case of AUTO CLUTCH KIT) or uses his hands or legs or combination or his limbs to operate to brake or accelerator."

૧.૭. દિવ્યાંગ વ્યક્તિ જો તેને અનુકુળ ફેરફાર કરાવેલ વાહન ચલાવતાં લાયસન્સ ધરાવતો હોય તેવા સરખા પ્રકારનું વાહન દેશમાં ગમે ત્યાં ચલાવી શકશે.

## ૨. વાહન રજીસ્ટ્રેશન સંબંધીત.

૨.૧. જે વાહનમાં વિકલાંગતાને અનુકુળ ફેરફાર કરાવેલ ન હોય તેવા વાહનની નોંધણી વખતે આઈસીનો (IC) ક્લાસ આપવો નહીં.

૨.૨. જે વાહનમાં ફેરફાર કરવામાં આવેલ હોય તે વાહનમાં જ ઇનવેલીડ કેરેજનો ક્લાસ આપવો. વાહનમાં ફેરફાર કરવા માટે અધિકૃત કીટનો ઉપયોગ કરવો.

૨.૩. દિવ્યાંગ વ્યક્તિની માલીકીનાં વાહનને 'આઈસી સીરીસ' માંજ નંબર આપવો. આઈસી સીરીઝમાં નંબર આપવાથી દિવ્યાંગ વ્યકિતનાં વાહનને આઈસી નો કલાસ આપોઆપ મળી જતો નથી. અર્થાત દિવ્યાંગ વ્યકિતની માલીકીનાં તમામ વાહનોને આઈસી સીરીઝનો નંબર આપવામાં આવશે. ટુંકમાં કહી શકાય કે પ્રત્યેક ઇનવેલીડ કેરેજને આઈસી નંબર મળશે પરંતુ આઈસી નંબર ધરાવતું દરેક વાહન ઇનવેલીડ કેરેજ થશે નહીં.

## ૩. ટેક્ષ સંબંધીત.

**૩.૧. ૨૫૦ કી.ગ્રા. સુધીનાં વજનનાં ઇનવેલીડ કેરેજ વાહનનો મોટર વાહન વેરા દર'૦' છે.**

૩.૨. ૨૫૦ કી.ગ્રામ સુધીનું વજન ધરાવતા "ઇનવેલીડ કેરેજ" ને મોટર વાહન વેરામાંથી મુકિત.

ગુજરાત રાજય સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગે ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગે તા.૩૦-૩-૨૦૦૭ થી બહાર પાડેલા જાહેરનામા ક્રમાંક-પીટી-૨૦૦૭-૨૫-એમવીડી-૧૦૨૦૦૭-૯૮૫-ખ, થી ૨૫૦ કી.ગ્રામ સુધીના અનલોડન વેઈટ (ખાલી વાહનનુ વજન) ધરાવતા "ઇનવેલીડ કેરેજ" નો વાહન વેરાનો દર "શુન્ય " ઠરાવેલ છે. આમ આ "શુન્ય " વેરાનો લાભ વાહનના પ્રકાર પર આધારીત છે.

૩.૩. ઉપરોકત જોગવાઈ વાહન આધારિત છે. આ જોગવાઈ ઉપરાંત ગુજરાત સરકારે ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ હેઠળ તારીખ ૫ મી જુન-૨૦૦૭ ના બહાર પાડેલ જાહેરનામા ક્રમાંક-પીટી-૨૦૦૭-૪૦-એમટીએ-૧૭૦૨-૧૪૨૮-ખ, તથા મુંબઈ મોટર વાહન વેરા નિયમો,૧૯૫૯ ના નિયમ ૧૬-ક ના પેટા નિયમ (૬) સાથે વાંચતા ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,૧૯૫૮ (સને ૧૯૫૮ ના ૬૫ માં) ની કલમ-૧૩ ની પેટા કલમ (૨) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકારે શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતના મોટર વાહનને નીચેની શરતોએ સંપૂર્ણ વેરા મુકિત આપેલ છે.

:એ: જો આવા વાહનો દિવ્યાંગ વ્યકિતઓના નામે નોંધાયેલા હોય અને આવી વ્યકિતઓ ધ્વારા તેમના વેપાર અથવા ધંધાના સંબંધમાં ઉપયોગમાં લેવાતા હોય,

:બી: આવી વ્યકિતને એકથી વધુ મોટર વાહન સંબંધમાં કોઈ મુકિત મળશે નહીં.

નોંધનીય છે કે, વાહન જાતે ચલાવવા માંગતા અથવા જાતે ન ચલાવવા માંગતા વ્યકિતઓને પણ આ વેરા મુકિતનો લાભ મળી શકે છે. આ મુકિત દિવ્યાંગ વ્યકિતશ્રીની માલીકીના પ્રથમ વાહન સુધી મર્યાદીત છે. તેમની માલીકીના બીજા વાહનને આ મુકિતનો લાભ મળી શકે નહીં. તદ્ ઉપરાંત આ કરમુકિતનો લાભ જયાં સુધી વાહન દિવ્યાંગ વ્યકિતને નામે હશે ત્યાં સુધી મળવાપાત્ર છે. આ પ્રકારની નોંધ રજીસ્ટ્રેશન બુક તથા રેકર્ડમાં કરવાની રહેશે.

વધુમાં આ બાબતે વારંવાર પુછાતા પ્રશ્નો તથા તેના જવાબ દર્શાવતું પરિશિષ્ટ આ સાથે સામેલ છે.

**ખાસ નોંધ :-દિવ્યાંગ વ્યકિતની ઉકત કોઈપણ કામગીરી માટે સીવીલ સર્જનનું પ્રમાણપત્ર જરુરી છે.**

આ સુચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્ર તિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી/ તમામ પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી..............................

(૨) મોટર વાહન નિરીક્ષકશ્રી ચેકપોસ્ટ. તમામ.

(૩) ડાયરેકટરશ્રી, એન.આઈ.સી., આ પરિપત્ર અનુસાર સોફટવેરમાં જરુરી ફેરફાર કરવા અર્થે.

(૪) કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના :- પ્ર તિ,

અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર પટેલ ભવન, ૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર- જાણ સારુ.

:ફુલિયા:ચીમ-૨૦૧૯૯૬: